# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)

GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION

બ્લોક નં.૩,૪,૫, બીજો માળ, ઘ–રોડ, સેકટર–૧૧, ગાંધીનગર –૩૮૨૦૧૭

ફોન નં.:૦૭૯–૨૩૨૫૦૬૩૪–૩૬–૩૭ Website : www.gidc.gov.in


## <u>જાહેરાતનું વેબપેજ :</u>

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વડી કચેરી, ગાંધીનગરની વર્ગ–૧,૨ અને વર્ગ–૩ ની સીધી ભરતી અંગેની જાહેરાત**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વડી કચેરી, ગાંધીનગર હસ્તકની નિગમની વિવિધ કચેરીઓમાં વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩ ના સંવર્ગો માટે ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમદવારે તા.૦૩–૦૫–૨૦૧૬ થી તા.૨૪–૦૫–૨૦૧૬ સુધી http://ojas.gujarat.nic.in અથવા http://ojas1.gujarat.nic.in વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ફકત ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ (૧૫ કે.બી.) અને સહીનો નમૂનો (૧૫ કે.બી.) સાઈઝ થી વધે નહી તે રીતે JPG ફોરમેટમાં સ્કેન કરી ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. ઉમેદવારે પોતાના બધા જ શૈક્ષણિક લાયકાત, અનુભવ, વય અને જાતિના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે મુજબની વિગતો ભરવાની રહેશે. ઉમેદવારે પરીક્ષા ફી પોસ્ટ ઓફીસ ખાતે જમા કરાવ્યા બાદ અરજી અંગે કર્ન્ફમેશન મળશે.

(૧) અનામતની ટકાવારી મુજબ ભરવાની થતી અને જાહેરાત ક્રમાંક મુજબની જગ્યાઓની વિગત અલગથી **<u>બીડાણ–૧</u>** મુજબ સામેલ છે. (વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩)

- અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટેજ અનામત છે. અનામત કક્ષાના ઉમેદવાર બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે. અને તેવા કિસ્સામાં વય મર્યાદા, લાયકી ધોરણ વગેરે અંગે (પરીક્ષા ફી સિવાય)બિન અનામતના ધોરણો લાગુ પડશે.
- મહિલાઓ માટેની જગ્યાઓ ૩૩ ટકા મુજબ અનામત છે. જેને જે તે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા

ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા તે જ કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

- વર્ગ–૩ ના સંવર્ગોમાં માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓના ૧૦ ટકા મુજબ જગ્યાઓ અનામત છે. જે જે તે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યા માટે જો લાયક માજી સૈનિક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
- સરકારશ્રીના સા.વ.વિ. ના ઠરાવ ક્રમાંકસીઆરઆર–૧૦૨૦૦૦–જીઓઆઈ–૭–ગ.૨ તા.૧૫–૦૨–૨૦૦૧ મુજબ ૪૦ ટકા થી ૭૪ ટકા સુધી શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની નિમણુક ઉપરોકત જગ્યાઓમાં સરકારશ્રીના નિયમોનુસાર ૩ ટકા લેખે રાખવામાં આવશે. જો લાયક શારીરિક ખોડ ખાંપણ વાળા ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

(૨) વર્ગ–૧ અને વર્ગ–૨ ના વિવિધ સંવર્ગોના, વર્ગ, પગાર ધોરણ, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત **બીડાણ–૨** મુજબ સામેલ છે.

(૩) વર્ગ–૩ ના વિવિધ સંવર્ગોના વર્ગ, વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત **બીડાણ–૩** મુજબ સામેલ છે.

### (૪) પગાર ધોરણ (વર્ગ–૩ માટે) :

નાણા વિભાગના તા.૧૬–૦૨–૨૦૦૬ અને તા.૨૯–૦૪–૨૦૧૦ ના ઠરાવ નંબર : ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ ની જોગવાઈઓને આધિન તેમજ તા.૨૦–૧૦–૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭ પાર્ટ–૨/ઝ.૧ તથા તા.૨૦–૧૦–૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭ પાર્ટ–૨ /ઝ.૧ થી નકકી થયા મુજબ પાંચ વર્ષ માટે વર્ગ–૩ ના વિવિધ સંવર્ગો માટે પ્રતિમાસ ફીકસ પગાર અને તેના ઉપર માસિક ખાસ ભથ્થુ મળીને કુલ ઉચ્ચક પગારથી નિમણુક અપાશે, વધુમાં વાર્ષિક વધારો રૂ.૧૫૦૦/– નો રહેશે તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી વર્ગ–૩ ના જે તે સંવર્ગનાં પગાર ધોરણમાં નિયમિત નિમણુક મેળવવાપાત્ર થશે. આ બાબત નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના ચુકાદાને આધિન રહેશે.

| અ.નં. | સંવર્ગ | તા.૨૦–૧૦–૨૦૧૪ ના ઠરાવ મુજબ નિયત થયેલ ફીકસ પગાર | ફીકસ પગાર ઉપર માસિક ખાસ ભથ્થુ | વાર્ષિક વધારો |
|---|---|---|---|---|
| ૧ | અધિક મદદનીશ ઈજનેર (સિવીલ) / (ઈલે./મીકે.) | ૧૩૭૦૦/– | ૧૮૦૦/– | ૧૫૦૦/– |
| ૨ | મદદનીશ | ૧૩૫૦૦/– | ૧૫૦૦/– | ૧૫૦૦/– |
| ૩ | કલાર્ક–કમ–ટાઈપીસ્ટ | ૭૮૦૦/– | ૨૨૦૦/– | ૧૫૦૦/– |
| ૪ | સ્ટેનો ગ્રેડ–૩ (ગુજરાતી) / (અંગ્રેજી) | ૭૮૦૦/– | ૨૨૦૦/– | ૧૫૦૦/– |
| ૫ | ટ્રેસર | ૭૮૦૦/– | ૨૨૦૦/– | ૧૫૦૦/– |

**(૫)કોમ્પ્યુટરની જાણકારી :**

ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ ક્રમાંક :સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનુ કોઈપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. તથા સરકાર માન્ય યુનિર્વસીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અથવા ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુક મેળવતા પહેલા આ મુજબનું પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનુ રહેશે. અન્યથા તે નિમણુક મેળવવાને પાત્ર ઠરશે નહિ. જો ઉમેદવાર નિમણુક સમયે CCC / CCC+ પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય તો અજમાયશી સમય દરમ્યાન પરીક્ષા પાસ કરવાની રહેશે.

**(૬) વય મર્યાદા :**

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની વય વિવિધ સંવર્ગોમાં દર્શાવેલ ઉંમરથી વધુ હોવી જોઈશે નહિ. વયમર્યાદામાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ છૂટછાટ રહેશે.

મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગોના ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર છૂટછાટ આપવામાં આવશે.

- સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર–૧૧૨૦૦૮–૨૮૨૩૨૩–ગ.૫ તા.૦૬–૧૦–૨૦૧૫ થી ભરતી નિયમોમાં વય મર્યાદા નિયત કરવા બાબતે માન.મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે રાજયની તમામ ભરતી પ્રક્રિયામાં એસ.સી.–એસ.ટી.–ઓબીસી અને બિનઅનામત દરેક વર્ગની હાલની મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવાનો નિર્ણય લેવાયેલ છે. આ ઠરાવ મુજબ સદર સીધી ભરતી અંતર્ગત મહત્તમ વય મર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવામાં આવેલ છે. જે જાહેરનામાની / ઠરાવની જોગવાઈ મુજબ લાગુ કરેલ છે.

- તમામ કેટેગરીના ઉમેદવારોની (માજી સૈનિક સિવાય) ઉંમર, ઉપલી વયમર્યાદા છૂટછાટ સાથે કોઈપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈશે નહિ.
- જીઆઈડીસીના પાત્રતા ધરાવતા અધિકારી / કર્મચારીઓને તમામ સંવર્ગોમાં વય મર્યાદાનો નિયમ લાગુ પડશે નહી.

<u>**નોંધ :**</u>

- ઉમેદવાર ખોડખાંપણની નિયત અપંગતા ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતા હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશકતતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧–૧૨–૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃપ્રચ–૧૦૨૦૦૮–૪૬૯૫૪૦–ગ.૨ થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ / સિવીલ સર્જન / મેડીકલ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.
- ઓનલાઈન અરજી કરતી વખતે કોઈ પ્રમાણપત્ર જોડવાના નથી. પરંતુ આ કેટેગરીમાં અરજી કરનારા ઉમેદવારો આવા પ્રમાણપત્રો ધરાવતા હોય તેમણે જ વિકલાંગ ઉમેદવારની કેટેગરીમાં અરજી કરવાની રહેશે.

- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને આર્મ ફોર્સીસમાં સેવા કરી હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત થયા હોય તેમજ માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ / પ્રમાણપત્ર અને ડીસ્ચાર્જ બુક ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છૂટછાટ મળશે.
- માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત થતા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉંમરમાંથી બાદ કરતા મળતી ઉંમર ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઈશે નહી.
- અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહી.

**(૭) પસંદગી પ્રક્રિયા :**

- હેતુલક્ષી પ્રશ્નોવાળી O.M.R. પધ્ધતિથી ૧૦૦ માર્કસની પરીક્ષા લેવામાં આવશે. પરંતુ ખાતાને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે. અને તેવા સંજોગોમાં તેની જાણ વેબસાઈટ ઉપર કરવામાં આવશે. પરીક્ષાનુ માધ્યમ અંગ્રેજી અને ગુજરાતી રહેશે. નેગેટીવ માર્કીંગ રાખવામાં આવશે.. જેમાં પ્રશ્નનો જવાબ ઉમેદવાર ધ્વારા ખોટો લખવામાં આવશે તો દરેક ખોટા જવાબ દીઠ ૦.૨૫ લેખે માર્કસ કાપવામાં આવશે
- શકય ત્યાં સુધી પરીક્ષા સંબંધિત બધીજ સુચનાઓ મોબાઈલ નંબર ઉપર SMS અને e-mail થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં મોબાઈલ નંબર અને e-mail અવશ્ય દર્શાવવા અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે જાળવી રાખવા જરૂરી છે.
- લેખિત પરીક્ષા O.M.R. પધ્ધતિથી લેવામાં આવશે. કોઈપણ એક સંવર્ગની પરીક્ષા જરૂરીયાત મુજબ વધુમાં વધુ (૦૨) બે દિવસ લેવાશે. પરીક્ષા માટેનો સીલેબસ નિગમની Website: www.gidc.gov.in પર મુકવામાં આવશે.
- O.M.R. પધ્ધતિથી લેવાનાર પરીક્ષા ૧૦૦ માર્કસની રાખવામાં આવેલ છે. જેમાં કટઓફ માર્કસ નકકી કરવાની સત્તા પસંદગી સમિતિને રહેશે.

- વર્ગ–૧ અને વર્ગ–૨ ના વિવિધ સંવર્ગોમાં નિગમ ધ્વારા લેવાનાર પરીક્ષામાં મેળવેલ માર્કસના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.
- સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૨૦૧૫–૧૨૨૩–ક તા.૦૬–૧૧–૨૦૧૫ થી રાજ્ય સરકારમાં વર્ગ–૩ અને વર્ગ–૪ ના સંવર્ગની તમામ જગ્યાઓની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ) ની જોગવાઈ રદ કરવા બાબતની ઠરાવની જોગવાઈ મુજબ વર્ગ–૩ અને વર્ગ–૪ માં સીધી ભરતીથી નિમણુક કરવાની હોય ત્યાં ભરતી પ્રક્રિયામાંથી રૂબરૂ મુલાકાતની જોગવાઈ દૂર કરી ફકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પસંદગી કરવાની રહેશે. સદર ઠરાવની જોગવાઈ નિગમમાં લાગુ કરેલ છે.
- સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ (અંગ્રેજી) ના સંવર્ગમાં લઘુલીપી (શોર્ટહેન્ડ) સ્પીડ ૮૦ શબ્દ પ્રતિ મીનીટ અને ટાઈપીંગ સ્પીડ ૪૦ શબ્દ પ્રતિ મીનીટ પરીક્ષા સરકાર માન્ય સંસ્થામાથી પાસ કરેલ હોવી આવશ્યક છે. જયારે સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ (ગુજરાતી) ના સંવર્ગમાં લઘુલીપી (શોર્ટહેન્ડ) સ્પીડ ૬૦ શબ્દ પ્રતિ મીનીટ અને ટાઈપીંગ સ્પીડ ૨૫ શબ્દ પ્રતિ મીનીટ પરીક્ષા સરકાર માન્ય સંસ્થામાથી પાસ કરેલ હોવી આવશ્યક છે. ઓ.એમ.આર. પધ્ધતિથી પાસ થયેલ / પસંદ થયેલ ઉમેદવારોએ નિગમ ધ્વારા લેવાનાર લઘુલીપી (શોર્ટહેન્ડ) અને ટાઈપીંગ સ્પીડની પરીક્ષા આપવાની રહેશે.
- કલાર્ક–કમ–ટાઈપીસ્ટના સંવર્ગમાં અંગ્રેજી ટાઈપીંગ સ્પીડ ૪૦ શબ્દ પ્રતિ મીનીટ અને ગુજરાતી ટાઈપીંગ સ્પીડ ૨૫ શબ્દ પ્રતિ મીનીટ પરીક્ષા સરકાર માન્ય સંસ્થામાંથી પાસ કરેલ હોવી આવશ્યક છે.

**(૮) પરીક્ષા ફી :**

(૧) બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂ.૫૦૦/– + પોષ્ટ ઓફીસ ચાર્જ તથા અનુ.જાતિ, અનુ.જન.જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા અપંગ અને માજી સૈનિકો માટે અરજી ફી રૂ.૨૫૦/– + પોષ્ટ ઓફીસ ચાર્જ ભરવાનો રહેશે.

(૨) ઓનલાઈન અરજી કર્યા બાદ OJAS ની વેબસાઈટ ઉપરથી આપના અરજીપત્રકની સાથે આપેલ પોસ્ટ ઓફીસના ૩ (ત્રણ) ચલણની A-4 સાઈઝમાં પ્રીન્ટ લઈને તે કોઈપણ કોમ્પ્યુટરાઈઝડ પોસ્ટ ઓફીસમાં રજુ કરવાથી તેઓ ધ્વારા ફી સ્વીકારવામાં આવશે.

(૩) આ ત્રણ ચલણ પૈકી એક ચલણ પોસ્ટ ઓફીસ રાખશે અને બીજા બે સહી / સિકકા કરી ઉમેદવારને પરત કરશે.

(૪) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તારીખ : **૨૬–૦૫–૨૦૧૬** ના રોજ પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધી છે.

(૫) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. તેમજ ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહી.

(૬) પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ ધ્વારા દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે, જો ઉમેદવારને SMS ન મળે તો દિન–ર માં ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

**(૯) સામાન્ય સુચનાઓ :**

(૧) રાષ્ટ્રીયતા : ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઈએ.

(૨) ગુજરાતી,હિન્દી અને અંગ્રેજી ભાષાનુ પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) સદરહુ ભરતી સંબંધિત તમામ સુચનાઓ / વિગતો વખતો વખત જીઆઈડીસીની Website : www.gidc.gov.in પરથી જોવા મળી શકશે.

(૪) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે.અને તેના પુરાવાઓ (અસલ અને પ્રમાણિત નકલ) આ ખાતા ધ્વારા જયારે માંગવામાં આવે ત્યારે જે તે સ્થળે અને સમયે સ્વ–ખર્ચે રૂબરૂ રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે રદ્દ કરવામાં આવશે. ઓન લાઈન અરજી કરતી વખતે કોઈ પ્રમાણપત્રો / સર્ટીફીકેટ જોડવાના નથી.

(૫) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે ઓનલાઈન અરજી ફોર્મમાં અંગત માહિતી કે વિગતોમાં પોતાની અશકતતાનો પ્રકાર અને અશકતતાની ટકાવારી દર્શાવવાની રહેશે. તથા ઉમેદવારો સ્વતંત્ર રીતે કાર્ય કરી શકવા સક્ષમ હોવા અંગે પસંદગી સમિતિના નિર્ણયને આધિન નિમણૂંકપાત્ર ઠરશે.

(૬) અનામત કેટેગરીના તમામ ઉમેદવારોના કિસ્સામાં જાતિનું પ્રમાણપત્ર, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત, અનુભવ અને લાગુ પડે ત્યાં નોન ક્રિમીલિયર સર્ટીફીકેટ રાજય સરકારની નોકરી માટે નિયત થયેલ નમુના પરિશિષ્ટ–ક મુજબનું (ગુજરાતીમાં) હોવુ ફરજીયાત છે **(બીડાણ–૪ મુજબ).** તે સિવાય જે તે અરજદારને સા.શૈ.પ. તરીકેનો લાભ

મળવાપાત્ર રહેશે નહીં. આ તમામ પ્રમાણપત્ર અરજી ઓન લાઈન કરવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવા જોઈશે.અન્યથા ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૭) સા. અને શૈ.પ. વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનાનું સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬.૨.૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક (ગુજરાતીમાં) ના નમુનામાં પ્રમાણપત્ર પસંદગી સમિતિ માંગે ત્યારે પ્રવર્તમાન નિયમોનુસાર રજુ કરવાનું રહેશે. તા.૦૧–૦૪–૨૦૧૬ અને ત્યારબાદ મેળવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેના અસલ પ્રમાણપત્રનો નંબર અને તેની તારીખ ઓન લાઈન અરજી વખતે દર્શાવવાનો રહેશે. પરીક્ષા બાદ પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવુ પ્રમાણપત્ર રજુ ન કરી શકતા ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ્દ થશે. આથી ઓનલાઈન અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમુનાનું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તેવા ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે.

(૮) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવુ નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઈશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભે આવુ પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૯) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨.૫.૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ(૨) માં નિર્દેશીત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે._પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત આ કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવા આ કચેરીને અસલમાં રજુ કરવાના રહેશે.

(૧૦)સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫.૨.૧૯૮૦ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તેમજ તે અન્વયે વખતો વખત થયેલ સુધારા મુજબ રમતો–ખેલકુદમાં રાષ્ટ્રીય / આંતર રાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સીટી અથવા અખિલ ભારતીય શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ખેલાડી–ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેઓએ મેળવેલ કુલ ગુણના ૦૫(પાંચ) ટકા

ઉમેરી આપવામાં આવશે. આ માટે વખતો વખત થયેલ ઠરાવોમાં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હકકદાર થશે.

(૧૧) આ જાહેરાત અન્વયે જો એક થી વધુ ગૃપમાં અરજી કરવી હોય તો ગૃપવાઈઝ અલગ અલગ અરજી કરવાની રહેશે. અને અરજી ફી પણ અલગ અલગ ભરવાની રહેશે.

(૧૨) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

(૧૩) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૧૪) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

(૧૫) અનુભવ મેળવેલ હોય તે નોકરીદાતા ધ્વારા ઈસ્યુ થયેલ પ્રમાણપત્રમાં કયા પ્રકારનું કામ હતું, કયા પ્રકારના સ્કીલની જરૂર હતી. હોદ્દો, મળતો માસિક અને વાર્ષિક પગાર, અનુભવનો સમયગાળો (કયારથી કયાર સુધી) નોકરી કર્યાનુ સ્થળ દર્શાવેલ હોવો જોઈશે. પગાર માટે પગાર સ્લીપ, છેલ્લા પગારનું પ્રમાણપત્ર, બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ વિગેરે પ્રુફ તરીકે રજુ કરવાના રહેશે. વળી અનુભવ જગ્યાને અનુરૂપ છે કે કેમ તે અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ ધ્યાને લેવામાં આવશે. પાર્ટટાઈમ કે આંશિક અનુભવ માન્ય રહેશે નહીં.

(૧૬) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ–ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

(૧૭) ઓન લાઈન અરજી પત્રક વેબસાઈટ http://ojas.gujarat.nic.in અથવા http://ojas1.gujarat.nic.in ઉપર ઓનલાઈન ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી ફોર્મ કોઈ પણ કોમ્પ્યુટર કે જેની સાથે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

(૧૮) અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઈન અરજી પત્રક ભરવા બાબતની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતિ છે અને ત્યારબાદ જ ઓનલાઈન અરજી પત્રક ભરવું.

(૧૯) ટપાલ કે કુરીયર મારફતે મોકલાવેલ અરજી ફોર્મ રદ્દ થયેલા ગણાશે. તેમજ ફી પરત મળશે નહીં. ઓનલાઈન અરજીનું પ્રીન્ટ આઉટ અરજદારે પોતાની પાસે રાખવાનું રહેશે. આ કચેરી ધ્વારા માંગણી થયેથી પ્રમાણપત્રો સાથે રૂબરૂ રજુ કરવાના રહેશે.

(૨૦) ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પરીક્ષા ફી અને પરીક્ષા અને પસંદગીની પધ્ધતિની વિગતો અને જાહેરાતની અન્ય તમામ વિગતો Website: www.gidc.gov.in ઉપર જોવા મળશે. ઉમેદવારે ઓન લાઈન અરજી પત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને ઉમેદવારે નિમણુક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લયાકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે નિમણૂંક અધિકારી ધ્વારા ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી નિમણૂંક સત્તાધિકારી / સમિતિના પરામર્શમાં રદ્દ કરવામાં આવશે તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો સબંધિત કચેરી ધ્વારા પસંદગી સમિતિના પરામર્શમાં કોઈ પણ તબકકે રદ્દ કરવામાં આવશે.

સંબંધિત જગ્યાઓની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં અને સુચનાઓમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો પસંદગી સમિતિને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે. અને પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**(૧૦) પરીક્ષા કેન્દ્રોની વિગત :**

પરીક્ષા અમદાવાદ ખાતે યોજવામાં આવશે પરંતુ જો વધુ સંખ્યામાં ઉમેદવારોની અરજીઓ આવશે તો નિગમ ધ્વારા આ સિવાયના વડોદરા, સુરત, રાજકોટ, જુનાગઢ, ભૂજ ખાતેના અથવા જરૂરીયાત મુજબના અન્ય પરીક્ષા કેન્દ્રો નકકી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર

પરીક્ષા આપવાની રહેશે. જેમાં નિગમની વહીવટી અનુકુળતાને ખાસ પ્રાધાન્ય આપવામાં આવશે.

**(૧૧) અજમાયશી સમય :**

નિમણુક બાબત પસંદ થયેલા ઉમેદવાર બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવુ પડશે. અજમાયશી સમય નકકી કરેલા નિયમોનુસાર વધારી શકાશે.

પસંદ થયેલા ઉમેદવારોએ નિમણુક પત્રમાં દર્શાવેલ સમયમાં ફરજ પર જોડાવાનું રહેશે અને ગુજરાત રાજયમાં ગમે ત્યાં નિમણુક / બદલી થી ફરજ બજાવવાની રહેશે.

**(૧૨) ના વાંધા પ્રમાણપત્ર :**

- ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારી / કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કરવાની તારીખથી સાત દિવસમાં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ત્રીસ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહી આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી ના મંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.
- ઉમેદવારે સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર નિગમ ધ્વારા માગ્યેથી રજુ કરવાનુ રહેશે.

**(૧૩) ચેતવણીઓ :**

નિગમ જે કોઈ ઉમેદવારને :

- તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નિગમના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે
- બીજાનુ નામ ધારણ કરવા માટે
- બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે
- બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે

- યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે
- પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે
- પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્ત લેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે
- લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે
- પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુક કરવા માટે
- પરીક્ષાના સંચાલન માટે નિગમે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે
- પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે
- પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલ કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનુ જાહેર કર્યુ હોય તો, તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત નિગમ તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષા માંથી તેને ગેરલાયક ઠરાવી શકશે. અથવા નિગમ સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવા માંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાત માંથી અથવા પોતાના હેઠળની કોઈપણ નોકરી માંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.

**(૧૪) અગત્યની સુચના :**

ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, પેજર અથવા બીજી કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી. જેના ભંગ બદલ ઉમેદવાર ચેતવણીઓમાં નિર્દિષ્ટ શિક્ષાને પાત્ર બનશે.

ઉમેદવારને પરીક્ષામાં સાદી બેટરીથી સંચાલીત નોન–પ્રોગ્રામેબલ પોકેટ કેલકયુલેટર લાવવાની અને તેનો ઉપયોગ કરવાની છૂટ છે પણ પરીક્ષા ખંડમાં એકબીજા ઉમેદવારની વચ્ચે કેલકયુલેટરની અદલા–બદલી થઈ શકશે નહી.

ઓનલાઈન એપ્લીકેશન કરવાની પધ્ધતિ **બીડાણ નંબર–૫** માં સામેલ છે.

ઉમેદવારને ઓનલાઈન અરજી કર્યા બાદ જાહેરાત સબંધી અન્ય કોઈ સુચના માટે Website : www.gidc.gov.in સતત જોતા રહેવા અનુરોધ છે.

સહી/–
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર

# <u>બીડાણ–૧</u>

## વર્ગ–૧ થી વર્ગ–૩ ના વિવિધ સંવર્ગોમાં સીધી ભરતીથી ભરવાપાત્ર જગ્યાઓના સંદર્ભે અનામતની ટકાવારી મુજબ ભરવાની થતી જગ્યાઓનીવિગત :

| ક્રમ | સંવર્ગ નુ નામ | કુલ જગ્યા | બિનઅનામત | | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસૂચિજાતિ | | અનુસૂચિતજનજાતિ | | શા. ખો. ખા | X આર્મી મેન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| | | | | | વર્ગ–૧ | | | | | | | |
| ૧ | મેનેજર / પ્રાદેશિક મેનેજર | ૧૧ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૨ | નાયબ મેનેજર | ૦૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | | | વર્ગ –૨ | | | | | | | |
| ૩ | મદદનીશ મેનેજર | ૦૬ | ૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૪ | હિસાબી અધિકારી | ૦૭ | ૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પ્રોગ્રામર | ૦૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) | ૦૯ | ૪ | ૧ | ૩ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૭ | નાયબ કાર્યપાલક ઈજનેર (ઈલે./મીકે) | ૦૨ | | | | | | | | | | |
| ૮ | મદદનીશ ઈજનેર (સીવીલ) | ૧૩ | ૮ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૧ | ૦ | ૦ |
| ૯ | મદદનીશ ઈજનેર (ઈલે./મીકે.) | ૦૩ | | | | | | | | | | |
| ૧૦ | આર્કીટેકટ આસીસ્ટંટ | ૦૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | | | વર્ગ–૩ (પાંચ વર્ષના ફીકસ પગાર) | | | | | | | |
| ૧ | અધિક મદદનીશ ઈજનેર (સીવીલ) | ૧૩ | ૯ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨ | અધિક મદદનીશ ઈજનેર (ઈલ./મીકે.) | ૦૨ | | | | | | | | | | |
| ૩ | મદદનીશ | ૨૪ | ૧૧ | ૪ | ૧ | ૦ | ૨ | ૦ | ૩ | ૧ | ૦ | ૨ |
| ૪ | કલાર્ક–કમ–ટાઈપીસ્ટ | ૭૧ | ૧૮ | ૮ | ૧૫ | ૭ | ૪ | ૧ | ૬ | ૨ | ૩ | ૭ |
| ૫ | સ્ટેનો ગ્રેડ–૩ (ગુજરાતી) | ૧૦ | ૩ | ૧ | ૪ | ૧ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૧ |
| ૬ | સ્ટેનો ગ્રેડ–૩ (અંગ્રેજી) | ૦૩ | | | | | | | | | | |
| ૭ | ટ્રેસર | ૦૯ | ૫ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |

| <u>નોંધ</u> | |
|---|---|
| | મહિલાઓ માટેની જગ્યાઓ ૩૩ ટકા મુજબ અનામત છે. જેને જે તે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યાઓ તે જ કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે. |
| | શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની અનામત જગ્યાઓ ૩ ટકા લેખે રાખવામાં આવશે. જો લાયક શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે. |
| | માજી સૈનિક માટે વર્ગ–૧ અને વર્ગ–૨ ના વિવિધ સંવર્ગોમાં કુલ ભરવાપાત્ર જગ્યાઓના ૧ ટકા જગ્યાઓ અનામત છે અને વર્ગ–૩ ના વિવિધ સંવર્ગોમાં કુલ ભરવાપાત્ર જગ્યાઓના ૧૦ ટકા જગ્યાઓ અનામત છે. જે જે તે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યા માટે જો લાયક માજી સૈનિકના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે. |

## બીડાણ–૨

**Details of Cadre, Class, Pay scale, Age Limit, Educational Qualification and Experience of different cadre of Class-I & II are as under :**

| **(1) Regional Manager / Manager** | |
|---|---|
| Class | 1 |
| Pay Scale | Pay Band Rs.15600-39100 + Grade Pay Rs.6600 |
| Age limit | Must have attained the age of 25 years and not completed 45 years. |
| Education Qualification | Should be a higher IInd Class graduate of any faculty, or have a higher or equivalent degree of recognised University. Preferably with diploma or degree in Business Management of a recognised Institute or University. |
| Experience | Should possess administrative and executive experience of at least five years. |

| **(2) Deputy Manager** | |
|---|---|
| Class | 1 |
| Pay Scale | Pay Band Rs.15600-39100 + Grade Pay Rs.5400 |
| Age limit | Must have attained the age of 25 years and not completed 40 years. |
| Education Qualification | Should be Graduate of any faculty with at least higher IInd class or have higher or equivalent degree of a recognised University. |
| Experience | Should have administrative and executive experience of at least five years. |

| **(3) Assistant Manager** | |
|---|---|
| Class | 2 |
| Pay Scale | Pay Band Rs.9300-34800 + Grade Pay Rs.4600 |
| Age limit | Must have attained the age of 25 years and not completed 35 years. |
| Education Qualification | Should be graduate of any faculty or have a higher or equivalent degree of a recognised University. |
| Experience | Should possess administrative and executive experience of at least three years. |

| **(4) Accounts Officer** | |
|---|---|
| Class | 2 |
| Pay Scale | Pay Band Rs.9300-34800 + Grade Pay Rs.4600 |
| Age limit | Must have attained the age of 25 years and not completed 35 years. |
| Education Qualification | Should have a Master's degree in Commerce in Second Class or intermediate Chartered Accountant / or Intermediate Indian Cost and Works Account. |
| Experience | Should have experience of atleast two years in Audit work. |

| **(5) Programmer** | |
|---|---|
| Class | 2 |
| Pay Scale | Pay Band Rs.9300-34800 + Grade Pay Rs.4600 |
| Age limit | Must have attained the age of 25 years and not completed 35 years. |

| | |
|---|---|
| Education Qualification | Should atleast be a Higher Second Class graduate with mathematics or statistic as main or special subjects or have a higher or equivalent degree of a recognised University. |
| Experience | Should possess a professional diploma with two years practical experience in similar job. |

| **(6) Deputy Executive Engineer (Civil)** | |
|---|---|
| Class | 2 |
| Pay Scale | Pay Band Rs.9300-34800 + Grade Pay Rs.5400 |
| Age limit | Must have attained the age of 25 years and not completed 35 years. |
| Education Qualification | Should have a Bachelor's degree in Civil Engineering with 1st or higher IInd class or have a higher or equivalent degree of a recognised University. |
| Experience | Should possess professional experience of at least five years. |

| **(7) Deputy Executive Engineer (Ele./Mech.)** | |
|---|---|
| Class | 2 |
| Pay Scale | Pay Band Rs.9300-34800 + Grade Pay Rs.5400 |
| Age limit | Must have attained the age of 25 years and not completed 35 years. |
| Education Qualification | Should have a Bachelor's degree in Electrical / Mechanical Engineering with higher IInd class or have a higher or equivalent degree of a recognised University. |
| Experience | Should possess professional experience of at least five years in supervisory position looking after Elect./Mech. maintenance, distribution, design, estimation etc. |

| **(8) Assistant Engineer (Civil)** | |
|---|---|
| Class | 2 |
| Pay Scale | Pay Band Rs.9300-34800 + Grade Pay Rs.4600 |
| Age limit | Not more than 35 years of age |
| Education Qualification | Should have a Bachelor's degree in Civil Engineering with atleast IInd class or have a higher or equivalent degree of a recognised University |
| Experience | Professional experience will be preferred. |

| **(9) Assistant Engineer (Elect. / Mech.)** | |
|---|---|
| Class | 2 |
| Pay Scale | Pay Band Rs.9300-34800 + Grade Pay Rs.4600 |
| Age limit | Not more than 35 years of age |
| Education Qualification | Should have degree in Elect./Mech. Engineering with higher IInd class or have a higher or equivalent degree of recognised University. |
| Experience | Professional experience of one year or Diploma Engineering (Elect./Mech.) with 1st class with 3 years experience. |

| (10) Architectural Assistant | |
|---|---|
| Class | 2 |
| Pay Scale | Pay Band Rs.9300-34800 + Grade Pay Rs.4600 |
| Age limit | Must have attained the age of 25 years and not completed 40 years. |
| Education Qualification | Should have a Bachelor's degree or diploma in Architecture or have a higher or equivalent degree of a recognised University. |
| Experience | Should possess professional experience of at least three years. |

## બીડાણ–૩

**Details of Cadre, Class, Pay scale, Age Limit, Educational Qualification and Experience of different cadre of Class-III are as under :**

As per Government GR, on completion of satisfactory services for Five years i.e. on appointment in regular establishment Pay scale and Grade Pay shall be applicable.

| (1) Additional Assistant Engineer (Civil) | |
|---|---|
| Class | 3 |
| Age limit | Not more than 33 years of age. |
| Education Qualification | Should have Diploma in Civil Engineer with at least 1st or higher second class or have a higher or equivalent degree of a recongnized university. |
| Experience | Professional experience will be preferred |

| (2) Additional Assistant Engineer (Elect./Mech) | |
|---|---|
| Class | 3 |
| Age limit | Not more than 33 years of age |
| Education Qualification | Should have Diploma in Elect. / Mech Engineer with at least 1st or higher second class or have higher or equivalent degree of recognized university. |
| Experience | Professional experience will be preferred |

| (3) Assistant | |
|---|---|
| Class | 3 |
| Age limit | Must have attained the age of 20 & not completed 35 years. |
| Education Qualification | Should be a graduate of any faculty or have a higher or equivalent degree of a recognized university. |
| Experience | Previous experience will be preferred. |

| (4) Clerk-cum-Typist | |
|---|---|
| Class | 3 |
| Age limit | Must have attained the age of 18 years and not completed 33 years. |
| Education Qualification | Should have passed the Higher secondary school certificate examination of the Gujarat Higher Secondary School Certificate Examination Board or any other equivalent examination or have a higher qualification of a recognized |

| | |
|---|---|
| | university.<br>Should have a speed of at least 40 w.p.m. in English typing or 25 w.p.m. in Gujarati typing. |
| Experience | Previous experience will be preferred. |

| **(5) Stenographer Gr-III (Gujarati)** | |
|---|---|
| Class | 3 |
| Age limit | Must have attained the age of 18 years and not completed 40 years. |
| Education Qualification | Should have passed the secondary school certificate examination of the Gujarat Secondary School certificate examination Board or any other equivalent examination or have a higher qualification of a recognized university.<br>Should have a speed of at least 60 w.p.m. in shot hand and a speed of at least 25 w.p.m. in typing. |
| Experience | with previous experience will be preferred. |

| **(6) Stenographer Gr-III (English)** | |
|---|---|
| Class | 3 |
| Age limit | Must have attained the age of 18 years and not completed 40 years. |
| Education Qualification | Should have passed the secondary school certificate examination of the Gujarat Secondary School Certificate Examination Board or any of the equivalent examination or have a higher qualification of a recognized university.<br>Should have a speed of at least 80 w.p.m. in short hand and speed of at least 40 w.p.m. in typing. |
| Experience | Previous experience will be preferred. |

| **(7) Tracer** | |
|---|---|
| Class | 3 |
| Age limit | Have attained the age of 18 years and not completed 33 years. |
| Education Qualification | Have passed the Secondary School Certificate Examination of the Gujarat Secondary Board or any equivalent examination or have higher or equivalent qualification of a recognized university and have passed the examination of Civil Draftsmanship and Draftsman Estimation Certificate of Technical Examination Board or Civil Draftsmanship Training. |

# બીડાણ–૪

## પરિશિષ્ટ–ક

**રાજ્ય સરકારની નોકરીમાં / ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રજુ કરવાના પ્રમાણપત્રનો નમૂનો :**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ........................................ જીલ્લાના ........................ તાલુકાના .............................. ગામના શ્રી ...................................... ના પુત્ર / પુત્રી ......................................જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧–૪–૭૮ ના ઠરાવ નંબર:બકર/૧૦૭૯/૧૩૭૩૪/ફ તેમજ ત્યાર બાદના વખતો વખત ના સુધારા / વધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી ............................................................ અને / અથવા તેમનુ કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજયના ...................................... જીલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તે / તેણીનો ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧–૧૧–૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક:સશય–૧૧૯૪–૧૦૯–અ સાથેના પરિશિષ્ટ થી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો (ક્રિમીલીયર) ની વ્યકિત / જુથમાં સમાવેશ થતો નથી.

તારીખ : સક્ષમ અધિકારીની સહી

(સીલ) હોદ્દો :

---

નોંધ :

(ક) : ઉપર દર્શાવેલ "સામાન્ય રીતે" શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ્સ એકટ–૧૯૫૦) ની કલમ–૨૦ માં જણાવ્યા મુજબનો જ રહેશે.

(ખ) : આવા જાતિ પ્રમાણપત્રો રાજ્ય સરકારના રાજ્ય પત્રિત અધિકારીઓ ધ્વારા આપવામાં આવે તે કિસ્સાઓમાં આવા પ્રમાણપત્રો આજ નમૂનામાં પરંતુ જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિ સહી વાળા હોવા જોઈએ. (રાજય પત્રિત અધિકારીઓ ધ્વારા આપવામાં આવેલા અને જીલ્લા મેજીસ્ટ્રેટ / સક્ષમ અધિકારી ધ્વારા ખરાઈ કરવામાં આવેલા (એટેસ્ટેડ) પ્રમાણપત્રો પુરતા ગણવામાં આવશે નહી)

## બીડાણ–૫

**અરજી કરવાની રીત :**

આ જાહેરાતના સંદભ”માં સમિતિધ્વારા http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.in વેબ સાઈટ મારફત કરેલ ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાતમાં દર્શાવ્યા તા.................. (૧૪.૦૦ કલાક) થી તા. ................ (રાત્રિના ૨૩.૫૯ કલાક)દરમ્યાન વેબસાઈટ http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.inપર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટમાં વેબસાઈટ http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.inપર જવુ અને તેમા નીચે જણાવેલ પગથિયા (સ્ટેપ્સ) ને અનુસરીને અરજીપત્રક ભરવુ.
(૧)Apply on line પર કલીક કરવુ. (૨)જગ્યા પર Click કરવાથી જગ્યાનીવિગતો મળશે. તેની નીચે Apply now પર Click કરવાથી Application Format દેખાશે. Format માં સૌપ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. અહીં લાલ (*) ફુદડી નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૪) Personal Details ભર્યા બાદ Education Details ભરવા માટે Education Detailsપર Click કરવુ. (૫) જો ઉમેદવારને લાગુ પડતુ હોય તો અનુભવની વિગતો Experience Details માં ભરવાની રહેશે. (૬) તેની નીચે Self Declaration માં Yes/No પર Click કરવુ. (૭) હવે Saveપર Click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે અને નંબર ક્રિએટ થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે આ પછી જાહેરાતના સંદર્ભમાં કોઈપણ પત્રવ્યવહારમાં દર્શાવવાનો રહેશે. (૮) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો અહીં તમારો Application Number ટાઈપ કરો અને તમારી Birth Date Type કરો અને ત્યાર બાદ OK પર Click કરો. અહીં Photo અને Signature Upload કરવાના છે. (ફોટાનુ માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નુ માપ ૨.૫ ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG Format માં (15 K.B.) સાઈઝથી વધારે નહી. તે રીતે Computer માં હોવો જોઈએ. Browse Button પર Click કરો અને Choose File ના સ્ક્રીન માંથી જે ફાઈલમાં JPG Format માં તમારો Photo Store થયેલ છે તે ફાઈલને સીલેકટ કરો અને Open Button ને Click કરો હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો. હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે. (૯) હવે પેજના ઉપરના ભાગમાં Confirm Application પર Click કરો અને Application Number તથા Birther Date Type કર્યા બાદ OK પર Click કરવાથી ૦૨ (બે) બટન ૧. Application Preview ૨. Confirm Application દેખાશે. ઉમેદવારએ Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application પર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm કર્યા બાદ અરજીમાં કોઈપણ સુધારો થઈ શકશે નહી. જો અરજી યોગ્ય જણાય તો જ Application પર Click કરવુ. Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે, જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ,

ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirm Number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઈપણ કાર્યવાહી કરી શકાશે નહી. (૧૦) હવે Print Application પર Click કરવુ. અહીં તમારો Confirm Number Type કરવાનો અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી અને સાથે સાથે Print Challan Button પર Click કરી Challan ની નકલો કાઢી લેવી. ચલણની એક પાનામાં ત્રણ નકલો નીકળશે જે ચલણ નજીકની કોમ્પ્યુટરાઈઝડ પોસ્ટ ઓફીસમાં રજુ કરી અરજી ફી ભરપાઈ કરવાની રહેશે. (૧૧) અરજી Confirm થયેથી તુરત જ આપને અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS મળશે. આ ઉપરાંત પોસ્ટ ઓફીસ ધ્વારા ફી સ્વીકાર્યાની જાણ કરતો SMS પણ મળશે.